# ‘આપ’ના ગુજરાત એકમમાં ભંગાણ

## પ્રદેશ અગ્રણીઓ ઋતુરાજ મહેતા અને વંદના પટેલ સહિત ૨૦૦૦ થી વધુ આમ આદમી પાર્ટીના આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

અમદાવાદ, તા.૩૦

આજ રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે આમ આદમી પાર્ટીના ગુજરાતના ૨૦૦૦થી વધુ સક્રિય સભ્યો નવસર્જન ગુજરાતના પ્રણેતા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની ટોપી ઉતારી કોંગ્રેસ પક્ષનો ખેસ ધારણ કરી કોંગ્રેસમાં જોડાયા.

ગુજરાત રાજ્યમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપની બી' ટીમ બની રહેનાર આપના ૨૦૦૦ થી વધુ સક્રિય કાર્યકરો આજે અમદાવાદ ખાતે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતીમાં કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે. ગુજરાતમાં જ્યાં ઓછા મતની સરસાઈ સાથે વિધાનસભાની સીટની હારજીત થતી હોય તેવી સીટો પર આમ આદમી પાર્ટીના ઉમેદવારો ઉભા રાખી પૈસાનો ખેલ પાડવાનું તેમજ કોંગ્રેસને હરાવવાનું કાવતરુ આમ આદમી પાર્ટીના અમુક પદાધિકારીશ્રીઓ કરી રહ્યાં હોવાથી સનિષ્ઠ કાર્યકર્તાઓએ લોકશાહી ઢબે ચાલતી એક માત્ર કોંગ્રેસ પાર્ટીમાં જોડાવવાનું યોગ્ય પગલું ભર્યું હોવાનું કોંગ્રેસ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું.

ડૉ. ઋતુરાજ મહેતા અને શ્રી વંદનાબેને જણાવ્યું હતું કે, જ્યારે આમ આદમી પાર્ટીમાં જોડાયા ત્યારે આપ તરફથી જે બાબતો સાથે પ્રજા સમક્ષ જવાની વાત થઈ હતી તે અત્યારે ભૂલી જઈને માત્ર ભાજપની બી-ટીમ બની લોકોના વિશ્વાસ સાથે રમત રમવાનું યોગ્ય ન લાગતા લોકશાહી ઢબે લોકોના પ્રશ્નો માટે કામ કરતી કોંગ્રેસ પાર્ટીમાં જોડાવાનું યોગ્ય પગલું ભર્યું છે.






# “વચનેષુ કિં દરિદ્રતા”: પ્લાસ્ટીક અને ટોબેકો મુક્ત ગુજરાત કરવાનું સરકારનું વચન ટોટલી ફેઈલ

## એક જાહેરાત આનંદીબહેન પટેલની સરકારે કરી હતી અને બીજી જાહેરાત વિજય રૂપાણીએ કરી હતી, આજે આ બન્ને જાહેરાતો ગુજરાતભરમાં મશ્કરી સમાન બની છે

ભારતમાં અને ગુજરાતમાં રાજકીય પાર્ટીઓ ચૂંટણી આવે એટલે તેમના મેનિફેસ્ટો- ચૂંટણી ઢંઢેરામાં વચનો આપે છે પરંતુ સરકારની અવધિ પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે પાંચ વર્ષમાં આ વચનો પૂર્ણ થઈ શકતા નથી. એવું જોવામાં આવ્યું છે કે ભાજપની સરકારે ગુજરાતમાં છેલ્લા ચાર ચૂંટણી ઢંઢેરા બહાર પાડ્યા હતા તેમાં જે વચનો આપ્યાં હતા તેને સરકારે વર્ષોવર્ષ બજેટમાં સમાવવાનો પ્રયાસ કર્યો છે પરંતુ એવા કેટલાક વચનો છે કે જે પાંચ વર્ષ પૂર્ણ થવા આવ્યા છતાં અમલ શરૂ થઈ શક્યો નથી. સરકાર પેન્ડીંગ રહેલા વચનોને કેરી ફોરવર્ડ તો હરગીજ કરતી નથી.

કહેવત છે કે- ‘વચનેષુ કિં દરિદ્રતા‘ - વચન આપવાથી ગરીબ થઈ જવાતું નથી. મતદારો ભોળા છે તેમને મનાવવા એ પાર્ટીઓ માટે ડાબા હાથનો ખેલ છે તેવું નેતાઓ માને છે પરંતુ આજનો મતદાર શાણો થઈ ગયો છે. ભાજપના ૨૦૧૨ના ચૂંટણી ઢંઢેરામાં બે વચનો હતા કે ગુજરાતને પ્લાસ્ટીક ફ્રી અને ટોબેકો ફ્રી બનાવી દેવાશે. વચન સારૂં છે. સરકારે ફંકશન કરીને આ બન્નેની જાહેરાત તો કરી દીધી અને કહ્યું કે- આજથી ગુજરાત ટોબેકો ફ્રી બનશે... પ્લાસ્ટીક ફ્રી બનશે.. જાહેરાતના બે દિવસ પછી રાજ્યભરમાં તમાકુ અને પ્લાસ્ટીકનો વપરાશ શરૂ થઈ ચૂક્યો હતો.




ગુજરાતના પ્લાસ્ટીક ફ્રી અને ટોબેકો ફ્રી કરવાના દાવા ટોટલી ફ્લોપ થઈ ગયા છે. એક જાહેરાત પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે કરી હતી અને બીજી જાહેરાત હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી હતી. આ બન્ને બાબતો ભાજપના ચૂંટણી ઢંઢેરાના મુદ્દાઓમાં સમાવવામાં આવેલી છે. પાર્ટીના ચૂંટણી ઢંઢેરા માત્ર જાહેરાતો પુરતા મર્યાદિત રહ્યાં છે, કારણ કે ગુજરાતને વાઈફાઈ ઝોન બનાવવાની વાતો થઈ પરંતુ ૨૦ ટકા ગુજરાત પણ વાઈફાઈ ઝોન બની શક્યું નથી. ગુજરાત સોલાર હબ પણ થઈ શક્યું નથી. ઔદ્યોગિક ગુજરાત પાછળ ધકેલાતું જાય છે. તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ગુજરાતને તમાકુ મુક્ત બનાવવાની પહેલ કરી હતી.

જાહેર સ્થળોએ ધુમ્રપાન કરનાર વ્યક્તિ સામે પગલાં લઈને કડક સજાની જોગવાઈ કરવામાં આવી હતી. આજે સ્થિતિ એવી છે કે સરકાર સચિવાલયને તમાકુ મુક્ત બનાવી શકી નથી. સરકારી સિવિલ હોસ્પિટલોમાં પણ તમાકુનો બેરોકટોક વપરાશ થઈ રહ્યો છે. જાહેર સ્થળો જેવાં કે મોલ્સ, થિયેટર, શાકભાજી માર્કેટ, શોપિંગ સેન્ટર, સ્કૂલ અને ધાર્મિકસ્થળોની આજુબાજુ પાન સિગારેટના ગલ્લાઓ મોજૂદ છે.

ગુજરાતમાં જે વર્ષે મુખ્યમંત્રી બન્યા તે વર્ષે એટલે કે ૨૦૧૬માં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતને પ્લાસ્ટીક ફ્રી બનાવવાની વાતો કરી હતી. ગુજરાતના પવિત્ર યાત્રાધામો, શોપિંગ સેન્ટરો, અભ્યારણ્યો તેમજ રક્ષિત સ્મારકોના વિસ્તારમાં પ્લાસ્ટીકની થેલીઓ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. ખાસ કરીને ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરમાં પ્લાસ્ટીક ફ્રી સિટીની જાહેરાત કરી હતી.

ગુજરાતમાં અત્યારે પ્લાસ્ટીકનો વપરાશ સર્વત્ર થયો છે. શાકભાજીના માર્કેટમાં પ્લાસ્ટીકના વપરાશના ધોરણો જળવાતાં નથી. પશુઓ રસ્તા પર પ્લાસ્ટીકની થેલીમાં પેક કરેલો ખાદ્યપદાર્થોનો કચરો ખાય છે. દેવાલયો તેમજ ધાર્મિક સ્થળોએ પ્લાસ્ટીકમાં ચાય મળે છે. પ્લાસ્ટીક પેક પ્રસાદ મળે છે. નદીઓ અને પાણીના સ્ત્રોતમાં પ્લાસ્ટીકનો ભરાવો થયો છે. શહેરના માર્ગો પર જ્યાં જુઓ ત્યાં પ્લાસ્ટીકના પાઉચ અને પ્લાસ્ટીકનો વેસ્ટ નજરે પડે છે. ગુજરાતમાં પીવાનું પાણી પણ પ્લાસ્ટીકના પાઉચમાં બિન્દાસ મળે છે.

સરકાર જે જાહેરાતો કરે છે તે પછી તેનું અસરકારક અમલીકરણ કરાવી શકતી નથી, કારણ કે આ ચેકિંગ અને મોનિટરીંગ કરવા માટે સરકાર પાસે સ્ટાફ નથી. સ્ટાફની અછતના કારણે તમાકુના વપરાશકારોને પકડી શકાતા નથી. સ્ટાફની કમીના કારણે પ્લાસ્ટીકનો કચરો નાંખનારાને સજા થતી નથી. ગુજરાત કરતાં ગોવા સારૂં કે મુખ્યમંત્રીએ ગોવામાં પ્લાસ્ટીક ફ્રી સ્ટેટ બનાવવાની જાહેરાત કર્યા પછી તેનો અસરકારક અમલ શરૂ કરાવ્યો છે.

# શરદોત્સવના નામે ખંડણી ઉઘરાવો, જલસા કરો કાંડ

## સુરેશ મહેતા સહિતના આગેવાનો દ્વારા આક્ષેપો : ૨૦૦૫માં કચ્છ શરદોત્સવના નામે કંપનીઓ, સહકારી મંડળીઓની પાસેથી મસમોટી રકમ ઉઘરાવાયાનો દાવો

અમદાવાદ,તા. ૩૦

સને ૨૦૦૫માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કચ્છ શરદોત્સવના ઓઠા હેઠળ જિલ્લા કલેકટર મારફતે કરોડો રૂપિયાની ખંડણી ઉઘરાવી જલસા કરવાનું કૌભાંડ આચર્યું હોવા અંગે આજે રાજયના પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, લોકશાહી બચાવો અભિયાનના કન્વીનરો પ્રો.હેમંતભાઈ શાહ અને



ગૌતમભાઈ ઠાકરે ગંભીર આક્ષેપો કર્યો હતા. તત્કાલીન મોદી સરકારે બંધારણીય અને કાયદાકીય જોગવાઈઓ નેવે મૂકીને આચરેલા આ કૌભાંડને પગલે રાજયની તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચ્યું હોવાનો આરોપ પણ આ મહાનુભાવોએ લગાવ્યો હતો. રાજયના પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, લોકશાહી બચાવો અભિયાનના કન્વીનરો પ્રો.હેમંતભાઈ શાહ, ગૌતમભાઈ ઠાકર અને મહેશભાઈ પંડયાએ અત્રે એક પત્રકાર પરિષદમાં મોદી સરકારના આ કૌભાંડ અંગે જણાવ્યું હતું કે, મોદી સરકારે ૨૦૦૫માં શરદોત્સવના નામે વેલસ્પન જેવી મોટી કંપની પાસેથી રૂ.૫૦ લાખનો ફાળો ઉઘરાવી તેના બદલામાં કરોડો રૂપિયાની ૪૦ એકર જેટલી જમીન કંપનીને ફાળવી દેવાઈ હતી. એટલું જ નહી, પંચાયતની ચૂંટણી સમયે આચારસંહિતાનો ભંગ કરીને ઓકટોબર-૨૦૦૫માં શરદોત્સવની ઉજવણી કરાઈ હતી. કચ્છમાં ૨૦૦૫માં મોદી સરકાર દ્વારા શરદોત્સવ યોજવામાં આવ્યો હતો. જે અંગે તા.૧૬-૮-૦૫ના રોજ સંકલન સમિતિની બેઠક મળી હતી અને તેમાં ઠરાવ નં-૬માં શરદ મહોત્સવ-૨૦૦૫ નામનું એક બેંક એકાઉન્ટ ખોલાવવા કલેકટરને મંજૂરી આપવામાં આવી હતી. એટલું જ નહી, દોઢ કરોડ રૂપિયાનું ઉઘરાણું કરી આ રકમ ખાતામાં જમા કરવા ઠરાવાયું હતું.

ત્રણ દિવસ બાદ કલેકટરના અધ્યક્ષપદે પાંચ અધિકારીઓની એક સમિતિ રચાઈ હતી. એ પછી જિલ્લા કલેકટર દ્વારા ઉઘરાણું શરૂ કરાય છે એટલે કે, ખંડણી ઉઘરાવાય છે.

જેમાં અદાણી પોર્ટ લિમિટેડને તા.૭-૯-૦૫ના રોજ પત્ર લખી કલેકટર રૂ.૫૦ લાખની માંગણી કરે છે, જેના અનુસંધાનમાં કંપનીએ તા.૧૫-૯-૦૫ના રોજ રૂ.૨૫ લાખનો ચેક મોકલય્ હતો. આ જ પ્રકારે આ બેંક એકાઉન્ટમાં ૪૫૩ જેટલી નાની-મોટી કંપનીઓ, ખાનગી વ્યકિતઓ, સહકારી મંડળીઓ, સિનેમાગૃહો, પેટ્રોલપંપો, ગ્રામ પંચાયતો, બિનસરકારી સંગઠનો અને ઉદ્યોગ મંડળો પાસેથી કુલ રૂ.૨, ૩૯,૦૬,૮૨૦ જેટલી મસમોટી રકમ ઉઘરાવી ઉપરોકત બેંક ખાતામાં જમા કરાવાઈ હતી. તા.૩૧-૮-૦૫ના રોજ વેલસ્પન કંપનીએ રૂ.૨૫ લાખનો એક એવા બે ચેકો મળી કુલ રૂ.૫૦ લાખ આપ્યા હતા. ઉપરોકત મહાનુભાવોએ મોદી સરકારના શરદોત્સવ કૌભાંડનો પર્દાફાશ કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલાં જનતાની અદાલતમાં અમે મોદી સરકારના અનેક કૌભાંડો મૂકયા છે, તેમાં એક નવું કૌભાંડ છે, હવે ચૂંટણીમાં મતદાન વખતે ગુજરાતની જનતાએ પોતાની સૂઝબુઝ વાપરી ફેંસલો કરવાનો છે. પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા અને લોકશાહી બચાવો અભિયાનના કન્વીનરો પ્રો.હેમંતભાઈ શાહ અને ગૌતમભાઈ ઠાકરે જણાવ્યું કે, કલેકટરે શરદોત્સવ માટે એસબીઆઈની ભુજ શાખામાં ખાતુ ખોલાવ્યું હતું. કલેકટર અલગ ખાતુ ખોલાવે અને તેમાં પૈસા ઉઘરાવી જમા કરાવે તે સ્પષ્ટ રીતે નાણાંકીય કૌભાંડ જ છે. બંધારણની કલમ-૨૬૬ હેઠળ સરકાર પાસે જે કોઈ નાણાં આવે તે બધા રાજયની એકત્રિત નિધિમાં જમા થાય અથવા જાહેરહિસાબમાં જમા થાય પરંતુ ઉપરોકત ખંડણીના પૈસા બેમાંથી એકેય નિધિમાં જમા થયા નથી. સૌથી મોટી વાત એ છે કે, વેલસ્પન કંપનીને રૂ.૨૧ હજાર કરોડના લાભ વિવિધ પ્રકારની સબસીડી પેટે અપાયા હતા. આ કંપનીને જે જમીન અપાઈ તે મોદીના કહેવાથી જ અપાઈ હતી. ખુદ તત્કાલીન કચ્છ કલેકટર પ્રદીપ શર્માએ કોર્ટ સમક્ષના નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમણે મુખ્યમંત્રીના કહેવાથી જમીન ફાળવી હતી અને જો ખોટી જમીન ફાળવી હોય તો સરકાર જપ્ત કેમ કરતી નથી. સ્વાભાવિક છે કે, કંપનીએ રૂ.૫૦ લાખની ખંડણી ચૂકવી હતી, તેથી જમીન કેવી રીતે જપ્ત થાય.

# ગુજરાતમાં ૧.૫ કરોડ મતદારોને ભાજપના કાર્યકરો ઘેર-ઘેર મળશે

## ચૂંટણી પ્રચાર માટે કાર્યકરો રાત-દિવસ કામ કરશે

ગાંધીનગર, તા.૩૦

૭ નવેમ્બરથી ભાજપ ૩ ફેઝમાં મતદારોનો સાથે સીધો સંપર્ક સાધવા માટે પ્લાન ઘડી રહી છે. આ પ્લાનમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરેકે-દરેક વોટર્સના ઘરે જઈને તેમનો સંપર્ક સાધવામાં આવશે. આ કાર્યક્રમ ભાજપ ચીફ અમિત શાહની સૌરાષ્ટ્ર યાત્રા સાથે શરુ થશે. ચૂંટણીના પ્રથમ તબક્કામાં જયારે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી યોજાય તે પહેલા મ્ત્ઁના કાર્યકરો વિસ્તારના દરેક દરેક ઘરની ઓછામાં ઓછી ૩ વખત મુલાકાત લેશે.

સૌરાષ્ટ અને કચ્છ વિસ્તારની ૫૪ સીટો પૈકી ૩૯ સીટો મ્ત્ઁની છે. ભાજપના જામનગરના ઈન્ચાર્જ ધનસુખ ભંડેરીએ જણાવ્યું હતું કે,‘અમારા બુથલેવલના કાર્યકરો ૭ નવેમ્બરથી મતદારોને આકર્ષવા માટે ડોર-ટુ-ડોર કેમ્પેઈનની શરુઆત કરશે. જે ૧૩ નવેમ્બર સુધી ચાલશે.‘ કાર્યકરો ૪૦થી ૪૫ લાખ ઘરોની મુલાકાત લેશે. જેમાં ૧.૫ કરોડ જેટલા વોટર્સનો સીધો સંપર્ક કરાશે.

રાજકોટના ભાજપ પાર્ટી પ્રવકતા રાજુ ધ્રુવે જણાવ્યું હતું કે, ‘અમે દરેક મતદાતાને પર્સનલી મળીશું.‘ પાર્ટી ઓફિશિયલ્સ દ્વારા જણાવાયું હતું કે, ‘પાર્ટીના કાર્યકરો પ્રથમ તબક્કામાં સરકારની લોકકેન્દ્રીત નીતિઓ અને યોજનાઓ દર્શાવતા લીફલેટ્સનું વિતરણ કરશે. અમદાવાદમાં એક ટીમ આ લીફલેટ્સના કન્ટેન્ટ અને ડિઝાઈન પર કામ કરી રહી છે.‘ બીજા રાઉન્ડમાં જયારે પક્ષ તેના ઉમેદવારો જાહેર કરી દેશે ત્યારે પર્સનલ વિઝિટ્સ શરૂ થશે. આ બીજા રાઉન્ડમાં ઉમેદવારોના પ્રોફાઈલ અને માહિતીવાળા લીફલેટ્સ વહેંચવામાં આવશે.

**આમ આદમી પાર્ટી કોઈ સાથે ગઠબંધન કરશે નહિ**

# ભાજપ હાર ભાળી ગયું છે માટે અહેમદ પટેલ પર આક્ષેપો કરે છે : આપ

રાજકોટ,તા.૩૦

આપ પાર્ટીના ગુજરાતના પ્રભારી ગોપાલરાય આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભાજપ હવે નહીં ચાલે. ચૂંટણી સમયે જ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવે છે. ભાજપને હારનો ડર છે એટલે જ અહેમદ પટેલ પર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

ગોપાલરાયે વધુમાં જણાવ્યું હતું કે, આપ પાર્ટી કોઈ સાથે ગઢબંધન કરશે નહીં. ભાજપે ૪ વર્ષમાં જે વાયદા કર્યા હતા તે હજુ સુધી પૂરા નથી કર્યા. દલિત હોય કે પાટીદાર સમાજ હોય, કોઈને ન્યાય નથી મળ્યો. વાયબ્રન્ટ ગુજરાતમાં યુવાનોને રોજગારી નથી મળતી.

‘ગુજરાતમાં નોટબંધી અને જીએસટી બાદ લોકો હેરાન પરેશાન છે. લોકો પરિવર્તન ઈચ્છે છે. કોંગ્રેસ મજબૂરીનો વિકલ્પ છે. તેમની પાસે ન તો કોઈ વિચાર કે ન કોઈ નેતૃત્વ છે. આપ દ્વારા રોલ મોડેલ ઉભું કરવામાં આવશે. આપે ૧૧ ઉમેદવારના નામ જાહેર કર્યા છે, જેમાં આપના રાજેશ ભૂત સીએમ સામે લડશે. રાજકોટ પશ્ચિમ બેઠકમાં એક ખુરશી અને એક રૂપિયાની તાકાત છે. એનાથી આપને કોઈ ફર્ક નથી પડતો.‘ અમદાવાદમાં બાળકોના મોતને લઈ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ‘સિસ્ટમ ખૂબ જ ખરાબ અને નબળી છે, આપ દ્વારા અમુક સીટો પરથી જ ચૂંટણી લડવામાં આવશે. જેનાથી ભાજપને નુકશાન થશે, આ વર્ષે ભાજપની સરકારને બદલાવવા જનતા માને છે, જનતા ગુલામની જેમ રહે છે.

# સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી પણ ચૂંટણીમાં ઉતરશે

## તમામ ૧૮૨ બેઠકો પરથી ચૂંટણી લડવા તૈયારી : પાંચમીએ ઉમેદવારોની પ્રથમ, ૯મીએ બીજી યાદી જાહેર થવાની વકી : ત્રીજા વિકલ્પ તરીકે જીતાડવા લોકોને અપીલ

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ મુખ્ય રાજકીય પક્ષો ભાજપ, કોંગ્રેસ ઉપરાંત, આમ આદમી પાર્ટી, એનસીપી, શંકરસિંહ વાઘેલાનો જન વિકલ્પ મોરચો, લોકગઠબંધન પાર્ટી અને હવે સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી જેવા ત્રીજા વિકલ્પો પણ ચિત્રમાં આવી રહ્યા છે. અન્ય પક્ષોની જેમ સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી પણ આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણીના જંગમાં ઝંપલાવવાનું છે અને રાજયની તમામ ૧૮૨ બેઠકો પરથી ઉમેદવારો ઉભા રાખવાનું આયોજન કરી રહ્યું છે. એસવીપીપીના ઉમેદવારોની પ્રથમ યાદી તા.૫મી નવેમ્બરે અને બીજી યાદી તા.૯મી નવેમ્બરે જાહેર કરાય તેવી શકયતા છે એમ અત્રે એસવીપીપીના પ્રદેશ પ્રમુખ જીગર કોઠિયા અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ કલ્પેશ પારેખે જણાવ્યું હતું. ગુજરાતમાં આ વખતની વિધાનસભા ચૂંટણીઓમાં ત્રીજા વિકલ્પ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટીના ઉમેદવારોને જીતાડવા જાહેર જનતાને અનુરોધ કરતાં એસવીપીપીના પ્રદેશ પ્રમુખ જીગર કોઠિયા અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ કલ્પેશભાઈ પારેખે વધુમાં જણાવ્યું હતું કે, તેમની પાર્ટી સરદાર વલ્લભભાઈ પટેલે આપેલ શકિત, સંયમ અને સામન્જસ્યના સૂત્રોને અનુસરીને ચાલનારી પાર્ટી છે, જે પ્રજા અને લોકકલ્યાણને સૌથી પહેલી પ્રાધાન્યતા આપે છે.

ભાજપ અને કોંગ્રેસે અત્યારસુધીના તેમના શાસનમાં ગુજરાતની ભોળી જનતાને છેતરી અને પ્રજાને આપેલા વચનો પાળ્યા નથી. માત્ર મતોની લાલચમાં સ્વાર્થી અને ગંદી રાજનીતિ કરી રહ્યા છે આ પક્ષો પરંતુ એસવીપીપી પાર્ટીની વિચારધારા તે બધાથી અલગ છે. આગામી દિવસોમાં પાર્ટી તેનો ચૂંટણી ઢંઢોરો જાહેર કરશે અને જનતાના તમામ પ્રશ્નો, સમસ્યાઓનું નિરાકરણ લાવવા પાર્ટી કટિબધ્ધ છે. તેમણે ઉમેર્યું કે, અત્યારે ગુજરાત રાજયમાં ભારે અરાજકતાનો માહોલ છવાયો છે.

દરેક સમાજના લોકો રસ્તાઓ પર પોતાના અધિકારો માટે રેલીઓ અને દેખાવો યોજી રહ્યા છે, ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે, બેરોજગાર યુવાનો રોજગારી માટે ભટકી રહ્યા છે અને આંતકવાદ તેમ જ ગુંડાગીરીનું પ્રમાણ વધતુ જાય છે આવા સમયે રાજયને અરાજકતાના માહોલમાંથી બહાર કાઢવા અને એક સુશાસન સ્થાપવા એસવીપીપીનો વિકલ્પ પ્રજા પાસે ઉત્તમ વિકલ્પ છે. આ પ્રસંગે પાર્ટીના પીઆરઓ પ્રશાંત પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં બે પક્ષો વચ્ચે જ હમેશા સીધી સ્પર્ધા રહી છે

## ૨૦૧૨ની ચૂંટણીમાં ૧૬૬૬ ઉમેદવારો હતા : સરેરાશ ગુજરાતમાં પ્રતિ બેઠક અપક્ષ ઉમેદવારોની સંખ્યા ૨.૬ નોંધાઈ ચુકી છે : ત્રીજી પાર્ટીને વધુ મહત્વ ન મળ્યું

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી ચુકી છે ત્યારે જુદા જુદા વર્ષો દરમિયાન મેદાનમાં રહેલા ઉમેદવારોની વાત કરવામાં આવે તો ઉમેદવારોની સંખ્યામાં સતત ફેરફારની સ્થિતિ થતી રહી છે. ઈતિહાસ દર્શાવે છે કે, ગુજરાતમાં મોટાભાગે બે પક્ષો વચ્ચે જ સીધી સ્પર્ધા રહી છે જેમાં ભાજપ અને કોંગ્રેસનો સમાવેશ થાય છે. ૧૯૬૨માં ગુજરાતમાં પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. તે વખતે ઉમેદવારોની સંખ્યા ૫૦૦ નોંધાઈ હતી. છેલ્લા ૫૫ વર્ષના ઈતિહાસમાં દરેક મત વિસ્તારમાં ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોની સંખ્યા વધારે રહી નથી. પ્રથમ ચૂંટણીમાં કોંગ્રેસને વધારે સ્પર્ધાનો સામનો કરવો પડ્યો ન હતો. રામ રાજ્ય પરિષદ, સોશિયલિસ્ટ પાર્ટી અને જનસંઘે ચૂંટણી મેદાનમાં ઝંપલાવીને પડકાર ફેંક્યો હતો. વર્ષ ૧૯૬૨માં જનસંઘે માત્ર ૨૬ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા અને તેને માત્ર ૧.૪ ટકા મત મળ્યા હતા. આ વર્ષમાં ત્રિકોણીય સ્પર્ધા થઈ હતી. ૧૫૪ બેઠક પૈકી ૧૩૦માં ત્રિકોણીય સ્પર્ધા થઈ હતી. ૧૯૯૦ અને ૧૯૯૫ની ચૂંટણીમાં ગુજરાતમાં ઉમેદવારોમાં રેકોર્ડ વધારો થયો હતો. આ ચૂંટણીમાં ક્રમશઃ ૧૮૮૯ અને ૨૫૪૫ ઉમેદવારો નોંધાયા હતા. ૧૯૯૫ની ચૂંટણીમાં જનતા દળ યુનાઈટેડને કોઈ સીટ મળી ન હતી. ગુજરાતમાં મતદારોએ ક્યારે પણ ત્રીજી પાર્ટીને સ્વીકારી નથી. ભાજપના પ્રવક્તા જયનારાયણ વ્યાસ કહી ચુક્યા છે કે, નાની પાર્ટીઓ ચૂંટણી મેદાનમાં ચોક્કસપણે છે પરંતુ આ ગાળામાં મોટી પાર્ટીઓની જીત થઈ છે. વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં ૧૬૬૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. ઉત્તર પ્રદેશમાં હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ૩૭૩૬ ઉમેદવારો મેદાનમાં હતા જ્યારે ૨૦૧૫માં બિહાર ચૂંટણીમાં ૨૯૩૫ ઉમેદવારો મેદાનમાં હતા જ્યારે ૨૦૧૪માં આંધ્રપ્રદેશમાં ૩૯૧૦ જેટલા ઉમદેવારો મેદાનમાં ઉતર્યા હતા. એવરેજની વાત કરવામાં આવે તો ગુજરાતમાં ઉત્તર પ્રદેશ અને બિહારમાં ક્રમશઃ ૪.૧૯ અને ૫.૫૨ની સામે પ્રતિ ઉમેદવાર અપક્ષ ઉમેદવારની સંખ્યા ૨.૬ રહી છે. કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીએ અને બહુજન સમાજ પાર્ટીએ ૧૮૨ સીટો ઉપર પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.